# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 24-07-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

---

- ✓ અંદાજપત્ર ભેદભાવપૂર્ણ હોવાના વિપક્ષના આરોપોને નાણામંત્રી નિર્મલા સીતારમણે ફગાવ્યા.
- ✓ નીટ – યુજી પેપરમાં કથિત ગેરરીતિ મામલે સર્વોચ્ચ અદાલતના ચુકાદા બાદ ભાજપે કૉંગ્રેસ સામે પ્રહારો કર્યા.
- ✓ નેપાળના કાઠમંડૂમાં વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતા 18ના મૃત્યુ.
- ✓ કૅન્સરની ત્રણ મહત્વપૂર્ણ દવાઓને જકાતમાંથી મુક્તિ મળતા 27 લાખ જેટલા દર્દીઓને ફાયદો.
- ✓ ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત દેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## *PAR-OPPOSITION PROTEST*

**ઇન્ડિયા બ્લૉકના નેતાઓએ અંદાજપત્રમાં વિપક્ષ શાસિત રાજ્યોને ભંડોળની ફાળવણીને ભેદભાવપૂર્ણ ગણાવતા સંસદ બહાર વિરોધ પ્રદર્શિત કર્યો હતો. વિપક્ષ તમામ રાજ્યો સાથે સમાન વ્યવહાર થાય તેવી માગ કરી રહ્યો છે. પત્રકારો સાથેની વાતચીતમાં કૉંગ્રેસના નેતા મલ્લિકા અર્જૂન ખડગેએ કહ્યું કે જો સરકાર વિપક્ષની સત્તા હોય તેવા રાજ્યોને અન્યાય કરશે તો તેઓ સંસદની અંદર અને બહાર વિરોધ કરશે.**

# REV BJP-RAVI SHANKAR

નીટ યુજી પેપરમાં કથિત ગેરરીતિ અને બજેટ મામલે ભાજપે કોંગ્રેસ સામે પ્રહાર કર્યા છે. પત્રકારો સાથેની વાતચીતમાં ભાજપ નેતા રવિશંકર પ્રસાદે કહ્યું કે સર્વોચ્ચ આદાલતે નીટ યુજી અંગે ચુકાદો આપી દીધો છે, જેમાં પરીક્ષાની પવિત્રતા સાથે ચેડાં ન થયા હોવાનું સ્વીકર્યું છે. શ્રી પ્રસાદે કહ્યું કે કોંગ્રેસ આ મામલે દેશને ગેરમાર્ગે દોરી રહી છે. વધુમાં તેમણે ઉમેર્યું કે સરકારે ઘટના પ્રકાશમાં આવ્યા બાદ તુરત જ પગલાં લીધા અને તપાસ સીબીઆઈને સોંપી હતી. તેમણે આરોપ મૂક્યો કે રાહુલ ગાંધી આ મામલે દેશની છબી ખરડવાનો પ્રયાસ કરી રહ્યા છે.

બજેટ વિશે બોલતા તેમણે કહ્યું કે આ બજેટ સમાજના દરેક વર્ગ અને સમુદાય માટે છે. વિપક્ષે બજેટને ઉંડાણપૂર્વક વાચવા અને સમજવાની જરૂર હોવાનું તેમણે કહ્યું હતું.

## KATHMANDU FLIGHT

કાઠમંડુમાં ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાન મથક પર એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થતા 18 પ્રવાસીનાં મૃત્યુ થયા છે, જ્યારે ચાર પ્રવાસીનો બચાવ થયો છે.

ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાન મથકના પ્રવક્તા પ્રેમનાથ ઠાકુરે જણાવ્યું કે આ ઘટના સવારે 11 વાગ્યે બની હતી. શૌર્ય એરલાઇન્સનું પોખરા થતું વિમાન રન વેથી ઉડાન ભર્યા બાદ તરત જ તૂટી પડ્યું હતું.

નેપાળ પોલિસ અને નેપાળી સેના સહિત અગ્નિશમન દળ અને સલામતી કર્મચારીઓ અભિયાન ચલાવી રહ્યા છે. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# UK FOREIGN SECRETARY

બ્રિટનના વિદેશ સચિવ ડેવિડ લેમી આજે દિલ્હી પહોંચ્યા છે. તેઓ વ્યૂહાત્મક ભાગીદારી અને ભારત-બ્રિટન મુક્ત વ્યાપાર કરાર (FTA)ને મજબૂત કરવા અંગેની વાટાઘાટોમાં ભાગ લેશે.

બ્રિટનમાં કીર સ્ટાર્મરના વડપણમાં રચાયેલી લેબર પાર્ટીની સરકારની રચના બાદ લંડનથી ઉચ્ચસ્તરીય પ્રતિનિધિ મંડળની આ પ્રથમ ભારત મુલાકાત છે.

સચિવ લેમી આજે સાંજે વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર સાથે મુલાકાત કરશે. તેઓ વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે પણ ચર્ચા કરશે. દરમિયાન તેઓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરે તેવી શક્યતા છે.

## *SC- RULES*

સર્વોચ્ચ અદાલતે અદાલતના કામકાજના કલાકો સાથે સંબંધિત નિયમોમાં સુધારો કર્યો છે. જે અનુસાર નવા કામકાજના કલાકો સવારે 10થી સાંજના 5 સુધી રહેશે. એક જાહેરનામામાં જણાવાયુ છે કે અદાલતનું કાર્યાલય રજાના દિવસે અને મહિનાના બીજા અને ચોથા શનિવારે બંધ રહેશે. નવા નિયમો પહેલી  ઓગસ્ટથી લાગુ થશે.

## *COAL PRODUCTION*

સરકારે વર્ષ  2024-25માં એક હજાર મિલિયન ટનથી વધુ કોલસાના ઉત્પાદનનો લક્ષ્યાંક રાખ્યો છે. કેન્દ્રીય કોલસા મંત્રાલયે જણાવ્યા પ્રમાણે 19મી જુલાઈ સુધીમાં, કોલસાનું ઉત્પાદન 294 મિલિયન ટનથી વધુનું થયું છે  જે ગયા વર્ષની  સરખામણીમાં લગભગ 11 ટકા વધુ છે. કોલસા મંત્રાલયે ઉર્જા અને ખાતર ક્ષેત્રની  સૂચિત કિંમતો પર કોલસાનો પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ હોવાનું જણાવ્યું હતું.

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

## *GOVT - CANCER MEDICINE*

સરકારે કૅન્સરની મહત્વની ત્રણ દવાઓ ઉપરની જકાત નાબૂદ કરી છે.    નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં આ અંગેની જાહેરાત કરી હતી. તેમા સ્તન કેન્સર માટેની ટ્રાસ્ટુઝુમાબ ડેરક્સટેકન, ફેફસાંના કેન્સર માટેની ઓસિમેર્ટિનિબ અને ડાર્વાલુમેબને જકાતમાંથી મુક્તિ આપવામાં આવી છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે સરકારના આ નિર્ણયથી 27 લાખ જેટલા કૅન્સર દર્દીઓને ફાયદો થશે. વધુમાં મંત્રાલયે જણાવ્યું છે કે એક્સ – રે ટ્યૂબ અને ફ્લેટ પેનલ ડિટેક્ટર્સ ઉપરના વેરામાં  પણ ઘટાડો કરાયો છે. સુધારેલા દરને કારણે એક્સ રે મશિન સંબંધીત કંપનીઓને તેની કિંમત ઘટાડવામાં  મદદ મળશે.

## *IMD WEATHER*

હવામાન વિભાગે ગુજરાત સહિત દેશના કેટલાંક ભાગોમાં આગામી બે દિવસમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદને લઈને બે દિવસ રેડ અલર્ટ જાહેર કરાયું છે. ગોવા અને મહારાષ્ટ્રમાં પણ ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે.

પૂર્વોત્તર ભારતમાં છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. જ્યારે ઉત્તર ભારતમાં હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, રાજસ્થાન, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, પંજાબ તેમજ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં આગામી પાંચ દિવસમાં છૂટો છવાયો વરસાદ થવાની શક્યતા છે.

## *MAHA-IMD ALERT*

મહારાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતાને જોતા બે દિવસ માટે રેડ અલર્ટ જાહેર કરાયું છે. રાયગઢ અને સતારામાં આજે ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે. આ ઉપરાંત પાલઘર, થાણે, રત્નાગિરી, સિંધુદુર્ગ, નાસિક, પુણે અને કોલ્હાપુરમાં ભારે વરસાદની શક્યતાને જોતા ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે.

## *AMARNATH YATRA*

બે હજાર 907 શ્રદ્ધાળુઓનો બીજો સમૂહ જમ્મુમાં ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી કાશ્મીર ખીણમાં અમરનાથ ગુફા તીર્થની યાત્રા કરવા માટે રવાના થયો.

શ્રદ્ધાળુઓ આજે વહેલી સવારે 103 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી નીકળ્યા હતા. આ જૂથમાં 2 હજાર 194 પુરૂષો, 598 મહિલાઓ, 11 બાળકો, 91 સાધુઓ અને 13 સાધ્વીઓનો સમાવેશ થાય છે.

## *DAY US-SECRET SERVICE*

અમેરિકાની ગુપ્ત સેવાના કાર્યકારી વડા તરીકે રોનાલ્ડ એલ રોવેની નિમણૂંક કરાઈ છે. પેન્સિલવેલિયાની ચૂંટણી સભામાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પર થયેલા હુમલાની તપાસ સંદર્ભે દબાણનો સામનો કરી રહેલા, કિમ્બર્લી ચીટલે એ ગઈકાલે ગુપ્ત સેવાના વડા પદેથી રાજીનામું આપ્યું હતું. અમેરિકાના ગૃહમંત્રાલયે નવી નિમણૂંક અંગેની પુષ્ટિ કરી છે.

આ પૂર્વે અમેરિકાની સંસદીય સમિતિ સમક્ષ આ અંગેની સુનાવણી દરમિયાન ગુપ્ત સેવાના પૂર્વ વડા ચીટલેએ સ્વીકાર્યું કે, આ ઘટના દાયકાઓના ગુપ્ત સેવાના ઇતિહાસની સૌથી નોંધપાત્ર નિષ્ફળતા હતી. આ સમિતિ પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના પ્રયાસ સંદર્ભેની આંતરિક સુનાવણી કરી રહી છે.

## *ETHIOPIA-LANDSLIDE_UPDATE*

પૂર્વ આફ્રિકન દેશ ઇથિયોપિયામાં ભૂસ્ખનથી મૃત્યુઆંક વધીને 229 થયો છે. હજી પણ કેટલાક લોકોની શોધખોળ ચાલી રહી છે, જેથી મૃત્યુઆંક વધવાની શક્યતા છે. સત્તાવાર પ્રસાર માધ્યમોએ જણાવ્યું કે, ઇથિયોપિયાના દક્ષિણી ગેઝે ગોફા જીલ્લામાં રવિવારે રાત્રે ભૂસ્ખલન થતાં કેટલાક લોકો દટાઈ ગયા હતા. જે બાદ સોમવારે તેમને બચાવવા ગયેલા લોકો વધુ એક ભેખડ ધસી પડતા દટાઈ ગયા હતા. મૃતકોમાં 148 પુરુષો અને 81 મહિલાઓ સામેલ છે.

પ્રધાનમંત્રી અબી અહેમદે દુર્ઘટના અંગે દુખ વ્યક્ત કર્યું હતું. હાલ ચોમાસાની ઋતુ ચાલી રહી હોવાથી ભારે વરસાદને કારણે ઇથિયોપિયાના કેટલાંક ભાગોમાં વારંવાર ભેખડો ધસી પડવાની ઘટનાઓ બનતી રહે છે.

## *INDIA ASIA CUP*

મહિલા એશિયા કપ ક્રિકેટમાં, ભારતે શ્રીલંકાના દામ્બુલા ખાતેની તેમની અંતિમ ગ્રૂપ મેચમાં નેપાળ સામે 82 રને વિજયી થતા સેમિફાઇનલમાં સ્થાન મેળવ્યું છે.

179 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી નેપાળની ટીમ 20 ઓવરમાં માત્ર 96 રન જ બનાવી શકી હતી. ભારત તરફથી દીપ્તિ શર્માએ ત્રણ, જ્યારે રાધા યાદવ અને અરુંધતી રેડ્ડીએ બે-બે વિકેટ ઝડપી હતી.